રાજ્ય ચૂંટણી આયોગ,
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૪–૮–૨૦૧૮

ક્રમાંક : રાચઆ–ચટણ–સ્થા.સ્વ.–૨૨૧(૧૩)રનો.ર.નં.૧૩–૮૨૦૧૮–ક.

–: **જાહેર નોટિસ** :–

ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩–ટ અને ૨૪૩–વ ક ની જોગવાઈ અનુસાર રાજ્ય ચૂંટણી આયોગની રચના થયેલ છે. રાજ્યની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની મતદાર યાદી, ચૂંટણીઓની કામગીરી ઉપર દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

રાજ્યમાં રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા યોજાતી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં પક્ષીય ધોરણે ઉમેદવારો ઊભા રાખી ચૂંટણી લડવા માટે આયોગના આદેશ ક્રમાંક :રાચઆ –ચટણ– સ્થા. સ્વ.– ૨૨૧ (૧૩) નો.ર.નં.૧૩–૮૨૦૧૨ –ક, તા.૧૭–૮–૨૦૧૨ થી **રાષ્ટ્રીય કોમી એકતા પાર્ટીને** નોંધાયેલ અમાન્ય પક્ષ તરીકે ગણવા આદેશ કરેલ છે.આયોગના તા.૮–૨–૨૦૧૨ના આદેશ ક્રમાંક:રાચપ–ચટણ– સ્થા. સ્વ. ૨૨૧ (૧) –૨૨૦૧૨–ક માં થયેલ જોગવાઈ મુજબ આયોગના તા.૬–૧૦–૨૦૧૨ના આદેશથી ઉકત પાર્ટીને 'ગેસ સીલીન્ડર ' પ્રતીક કામચલાઉ ધોરણેપાંચ વર્ષ માટે અથવા તેમાં ફેરફાર કરવામાં આવે ત્યાં સુધી ફાળવવા આદેશ કરવામાં આવેલ.

આયોગના તા.૧૮–૧૨–૧૭ના પત્રથી પ્રમુખશ્રી, રાષ્ટ્રીય કોમી એકતા પાર્ટીને વર્ષ.૨૦૧૨માં તેઓના પક્ષને ફાળવેલ પ્રતીકની મુદત પૂર્ણ થવા છતાં હાલ પૂરતુ તેઓના પક્ષને ફાળવેલ પ્રતીક યથાવત રાખવામાં આવે છે તથા જાન્યુઆરી/ફેબ્રુઆરી ૨૦૧૮માં યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય ચૂંટણી યોજાયાબાદ તુર્તજ આયોગના તા.૪–૧૨–૧૭ના આદેશથી નકકી કરેલ મુકત પ્રતીકની યાદીમાંથી પ્રતીક પસંદગી કરી આયોગમાં મોકલી આપવા જણાવવામાં આવેલ છે.તેમજ આયોગના તા.૯–૩–૧૮, તા.૧૭–૭–૨૦૧૮,તા.૩–૮–૧૮ના સ્મૃતિપત્રો પાઠવામાં આવેલ.

ઉપરોકત પક્ષે તેઓના તા. ૧૦–૮–૨૦૧૮ ના પત્રથી **"ગેસ સીલીન્ડર'** પ્રતીક ફરીથી ફાળવી આપવા આયોગને વિનંતી કરેલ છે. ઉકત પક્ષને **સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે નવેસરથી 'ગેસ સીલીન્ડર' પ્રતીક કામચલાઉ ધોરણે પાંચ વર્ષ માટે ફાળવવા આયોગે વિચારેલ છે.**

**'ગેસ સીલીન્ડર "** પ્રતીકની આકૃતિ/ ચિહ્ન નીચે મુજબ રહેશે.



P.T.O

રાષ્ટ્રીય કોમી એકતા પાર્ટીને **ગેસ સીલીન્ડર** પ્રતીક ફાળવવા સામે કોઈપણ શખ્સ, સંસ્થા, સંઘ, મંડળ, રાજકીય પક્ષ, વ્યક્તિ કે જાહેર જનતાને વાંધો કે સલાહ સૂચન હોય તો તે આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં **"સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, બ્લોક નં.૯,૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગર– ૩૮૨૦૧૦"** ને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત દરમ્યાન જો કોઈ વાંધા,સલાહ,સૂચન મળશે તો રાજય ચૂંટણી આયોગ તેની વિચારણા કરી, આગળની કાર્યવાહી કરશે.મુદત પૂરી થયા બાદ મળેલ વાંધા,સલાહ, સૂચન ધ્યાને લીધા સિવાય અથવા મુદત દરમ્યાન જો કંઈ વાંધા , સલાહ,સૂચન મળેલ નહિ હશે તો રજૂઆત કરનાર પક્ષની માંગણી મુજબ પ્રતીક ફાળવણી કરવા માટે રાજય ચૂંટણી આયોગ નિર્ણય લેશે તેની સંબંધિતોએ નોંધ લેવા વિનંતી છે.

રાજય ચૂંટણી આયોગના આદેશથી,

**( મહેશ જોશી )**
**સચિવ**
**રાજય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

**પ્રતિ,**
**પ્રમુખશ્રી,**
**રાષ્ટ્રીય કોમી એકતા પાર્ટી**
**ઈ–૨૧૪,સુમેળ બીઝનેસ પાર્ક–૪**
**અમદુપુરા બ્રીજ પાસે,**
**અમદુપુરા–કાલુપુર,**
**અમદાવાદ–૩૮૦૦૦૧**

**નકલ સવિનય રવાના :–**

- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

**નકલ રવાના:–**

- કલેકટરશ્રી તમામ, આ જાહેર નોટિસ આપની કચેરીના નોટિસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામ, આ જાહેર નોટિસ આપની કચેરીના નોટિસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
- સંયુકત કમિશ્નરશ્રી/નાયબ ચૂંટણી કમિશ્નરશ્રી સર્વે/,મદદનીશ ચૂંટણી કમિશ્નરશ્રી (તમામ), રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- રાજય ચૂંટણી આયોગની તમામ શાખાઓ
- રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલા સર્વે રાજકીય પક્ષો

**નકલ રવાના:–**

ઉપ સચિવશ્રી,રાજય ચૂંટણી આયોગ,ગાંધીનગર
રાજય ચૂંટણી આયોગની કચેરીના નોટિસ બોર્ડ ઉપર મૂકવા સારૂ

**નકલ રવાના :–**

વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર
આ જાહેર નોટિસ આજની તારીખના અસાધારણ સરકારી રાજયપત્રમાં ભાગ–૪ સી માં પ્રસિધ્ધ કરવા અને ગેઝેટની ૧૦ નકલ આ કાર્યાલયને તાત્કાલિક મોકલવા વિનંતી સહ.